# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-10-2024** **Morning : 7.10 to 7.20**

**Day: SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

---

1) જૂની પેન્શન યોજના સહિતના વિવિધ પડતર પ્રશ્નોને લઇને રાજ્ય સરકાર અને સરકારી કર્મચારીઓના પ્રતિનિધિઓ વચ્ચેની બેઠકમાં સકારાત્મક ચર્ચા
2) ગાંધીનગર ખાતે યોજાનારી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં આજે ખેડૂતલક્ષી અને કર્મચારીઓ સહિતના મુદ્દે ચર્ચાની શક્યતા
3) વડોદરામાં ભાયલીમાં થયેલા દુષ્કર્મના કેસના આરોપીઓને દાખલારૂપ સજા આપવામાં આવશે તેમ જણાવતા ગૃહરાજ્ય મંત્રી
4) સરકારી યોજનાઓ અને સેવાઓના લાભ નાગરિકોને ઘર આંગણે પહોચાડવાની વ્યવસ્થા ઊભી કરવાની નેમ વ્યક્ત કરતા મુખ્યમંત્રી
5) સમગ્ર રાજ્યમાં નવરાત્રીની ઉત્સાહ, ઉમંગ પૂર્વક ઉજવણી .. આજના ચોથા નોરતે માતા કુશ્માંડાની થઇ રહી છે આરાધના

-----------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# JUNI PENSION YOJJNA

રાજ્ય સરકાર અને સરકારી કર્મચારીઓના પ્રતિનિધિઓ વચ્ચે જૂની પેન્શન યોજના અને અલગ અલગ મુદ્દાઓને લઈને સરકાર સાથે બેઠક યોજાઇ હતી.. અગાઉ યોજાયેલી બેઠક બાદ ફરી પાછી વિવિધ પડતર માંગણીઓ અંગે આ બેઠક યોજાઇ હતી.. આ બેઠકમાં સરકાર અને કર્મચારીઓએ વચ્ચે સકારાત્મક વાતાવરણમાં ચર્ચા કરવામાં આવી હતી. સાતમા પગાર પંચ સહિતની બાબતો ઉપર ચર્ચા કરવામાં આવી હતી.. **કર્મચારી મહામંડળ પ્રમુખ દિગ્વીજયસિંહ જાડેજાએ કહ્યું હતું કે રાજ્ય સરકાર પણ પશ્નોના ઉકેલ માટે હકારાત્મક છે. આ બેઠક બાદ કેબિનેટમાં ચર્ચા કરીને તેનો નિર્ણય કરીને પરિપત્ર જાહેર કરવામાં આવશે તેમ પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું .**

**બાઇટ** ઋષિકેશ પટેલ, પ્રવક્તા, રાજ્ય સરકાર

---

- પીટીસી- ગાંધીનગર

હર્ષલ પંડયા -(NAVIN)

# CABENET

રાજ્ય મંત્રીમંડળની આજે બેઠક યોજાશે.. આજે સાંજે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આ બેઠક યોજાનાર છે.. જેમાં કર્મચારીઓના વિવિધ પડતર પ્રશ્નોની ચર્ચા કરવામાં આવશે.. આ ઉપરાંત ખેડૂતલક્ષી વિવિધ યોજનાઓની પણ કેબિનેટમાં ચર્ચા કરવામાં આવે તેવી શક્યતાઓ છે... આગામી સમયમાં આવનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણી અંગેની પણ ચર્ચા કરવામાં આવે તેવી સંભાવના છે..

---

- પીટીસી- ગાંધીનગર

હર્ષલ પંડ્યા -(NAVIN)

# VADODARA RAPE CASE

વડોદરાની સગીરા પર દુષ્કર્મની ઘટના પર ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું કે જેણે પણ દીકરી સાથે દુષ્ટકૃત્ય કર્યું છે તેને છોડવામાં નહીં આવે.. તેમણે ઉમેર્યું હતું કે ગુજરાતના દરેક પોલીસકર્મીનું લોહી ઉકળ્યું છે.. આરોપીને ગમે ત્યાંથી ગુજરાત પોલીસ શોધી કાઢશે અને દાખલારૂપ સજા કરવામાં આવશે..

બીજીતરફ નવરાત્રીની ઉજવણી દરમિયાન વડોદરાના ભાયલી વિસ્તારમાં એક ખેતરમાં એક સગીરા પર  દુષ્કર્મની ઘટના બાદ પોલીસે આરોપીઓને શોધવાનું અભિયાન ઝડપી બનાવી દીધુ છે.

વડોદરા જીલ્લા પોલીસ વડા  રોહન આનંદે આ મામલે વિગતો આપતાં કહ્યું હતું કે ઘટના સ્થળેથી ચશ્મા અને ઝાંઝરી મળી આવી હતી. પોલીસ ઉપરાંત ડોગ સ્કવોડ, એફ એસ એલની ટીમ ઘટના સ્થળે આવી વિસ્તારને કોર્ડન કર્યો હતો. અને સઘન તપાસ શરૂ કરી છે.

**(બાઇટ રોહન આનંદ - વડોદરા જિલ્લા સુપ્રિટેન્ડેન્ટ)**

---

- દૂરદર્શન- હર્ષલ પંડ્યા

-(NAVIN)

# RTI SAPTHA NI UJAVANI

રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અને સેવાઓના લાભ નાગરિકોને ઘર આંગણે પહોચાડવાની વ્યવસ્થા ઊભી કરીએ જેથી ફરિયાદનો કોઈ જ અવકાશ ન રહે તેમ આર.ટી.આઇ. સપ્તાહની ઉજવણી પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું..

ગાંધીનગરમાં નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી કેમ્પસ ખાતે ગુજરાત માહિતી આયોગ દ્વારા આયોજિત આર.ટી.આઈ. સપ્તાહની ઉજવણીની મુખ્યમંત્રીએ શરૂઆત કરવાની હતી

સરકારી નિયમો-કાર્યપદ્ધતિઓ જેટલા ઓપન થશે એટલા ગ્રિવન્સીસ ઘટશે. લોકશાહીમાં હક અને ફરજો બંને સામેલ છે. હક્કની સાથે આપણી ફરજો નિભાવવી એ પણ એટલુ જ અગત્યનું છે તેમ પણ તેમણે ઉમેર્યું હતું

ભારત સરકારના મુખ્ય માહિતી કમિશનર હીરાલાલ સામરીયાએ જણાવ્યું હતું કે  દેશમાં ઘણા લોકો આર.ટી.આઈ એક્ટથી અજાણ છે. તેમના માટે આર.ટી.આઈને લગતી માહિતી સામાન્ય નાગરિકને મળી રહે તે માટે વિવિધ સેમિનાર અને કોન્ફરન્સનું આયોજન કરી તેમને માહિતગાર કરવા જોઈએ.

---------------------------------------------------------------

- પીટીસી ગાંધીનગર -હર્ષલ પંડ્યા

-(NAVIN)

# CM GARBA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ શનિવારે અમદાવાદમાં આવેલી આઇપીએસ મેસ ખાતે આઇપીએસ મહિલા એસોસિએશન દ્વારા આયોજિત ગરબા મહોત્સવમાં ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીએ મા જગદંબાની આરતી ઉતારી હતી અને અને આઇપીએસ મેસ ખાતે ઉપસ્થિત સૌ આઇપીએસ અધિકારીઓ અને પોલીસ કર્મચારીઓને નવરાત્રિની શુભેચ્છાઓ પાઠવી હતી.

મુખ્યમંત્રી ગાંધીનગરની સાથેસાથે અમદાવાદના વિવિધ ગરબા મહોત્સવોમાં પણ ઉપસ્થિત રહ્યા હતા. ઘાટલોડિયા, સોલા, શીલજ, હેબતપુર, શેલા, સિંધુભવન ખાતે વિવિધ ગરબા મહોત્સવમાં હાજરી આપીને મુખ્યમંત્રીએ માતાજીના આશીર્વાદ મેળવ્યા હતા યુવકોએ મુખ્યમંત્રી સમક્ષ રાસ રમઝટ પ્રસ્તુત કરી હતી.

---------------------------------------------------------------------

- પીટીસી- ગાંધીનગર – અખબારી યાદી – હર્ષલ પંડ્યા

-(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટ્વીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................

# CLASSICAL-LANGUAGES

દેશ અને રાજયભરના શિક્ષણવિદો અને સંશોધકોએ પાંચ ભારતીય ભાષાઓને શાસ્ત્રીય ભાષાઓનો દરજ્જો આપવાના કેન્દ્રીય કેબિનેટના તાજેતરના નિર્ણયને અવકાર્યો છે. ત્યારે અમદાવાદની શ્રુત રત્નાકર સંસ્થાનના ડાયરેક્ટર પ્રો.જિતેન્દ્ર શાહે આ નિર્ણયને આવકરતા કહ્યું કે આ નિર્ણયથી પ્રાકૃત ભાષા અને સાહિત્યનો પ્રચાર થશે.

(બાઇટ - જિતેન્દ્ર બી શાહ - શ્રુત રત્નાકર સંસ્થાનના ડાયરેક્ટર)

ઉલ્લેખનીય છે કે ગત ગુરુવારે મંત્રીમંડળે શાસ્ત્રીય ભાષાઓની યાદીમાં આસામી, બંગાળી, મરાઠી, પાલી અને પ્રાકૃતના સમાવેશને મંજૂરી આપી હતી.

---

- પૂલ / હેમાંગીની

-(NAVIN)

# Navratri FOURTH DAY

નવલાં નોરતાંનો આજે ચોથો દિવસ છે. આજે માતાજીના કુષ્માંડા સ્વરૂપની પૂજા થાય છે. મા કુષ્માંડાના મધુર હાસ્યથી બ્રહ્માંડની ઉત્પતિ થઇ છે. મા ના સ્વરૂપને આઠ ભૂજાઓ છે તેમના હાથમાં કમંડળ, ધનુષ્યબાણ, કમળનું ફૂલ, અમૃત, કળશ, ચક્ર, ગદા છે આ સિદ્ધિ પ્રદાન કરનાર માતા છે. તેમનું વાહન સિંહ છે. મા ની આરાધનાથી આયુષ્ય અને આરોગ્યની વૃદ્ધિ થાય છે.

------------------------------------------------------------------------

- આકાઇઝ, હર્ષલ પંડયા -(NAVIN)

## GANGHINAGAR LIBRERY NAVRATRI

ગાંધીનગરની નિયામક ગ્રંથાલય કચેરી ખાતે નવલી નવરાત્રી અંતર્ગત ગ્રંથાલયના વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીઓ માટે રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિયામક ગ્રંથાલય કચેરી તથા રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલયના અધિકારીઓ તથા કર્મચારીઓ તથા ગ્રંથાલયના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓએ ઉત્સાહ ભેર ભાગ ભાગ લઇ માતાજીની આરાધના કરી હતી.

-----------------------------------------------------------------------

- પીટીસી- ગાંધીનગર - સરફરાઝ નાગોરી

-(NAVIN)

# SLEEPER COACH

સિધ્ધપુર પંથકની જનતા માટે સિધ્ધપુરથી સીધા યાત્રાધામ દ્વારકાધીશના દર્શનાર્થે જઇ શકે તેવી સિધ્ધપુર - દ્વારકા સ્લીપરકોચ બસનો પ્રારંભ થયો છે. સિધ્ધપુરથી દ્વારકા જતી નવીન સ્લીપર કોચ બસને કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતએ લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

આ બસ દરરોજ નિયમિત સિધ્ધપુરથી દ્વારકા જશે અને દ્વારકાથી સિધ્ધપુર પરત આવશે. સિધ્ધપુર મત વિસ્તારની ધર્મપ્રેમી જનતાને આ બસનો લાભ લેવા તેમણે અનુરોધ કર્યો છે.

આ બસ સાંજે 18:00 કલાકે સિદ્ધપુરથી ઉપડી વાયા પાટણ, બેચરાજી, સુરેન્દ્રનગર, ચોટીલા, રાજકોટ, જામનગર થઈને સવારે 6:00 કલાકે દ્વારકા પહોંચશે. જયારે દ્વારકાથી સાંજે 20:30 કલાકે ઉપડી ઉપર મુજબના નિયત રૂટ ઉપરથી સવારે 08:00 કલાકે સિદ્ધપુર પરત ફરશે.

---

- પીટીસી- પાટણ –હર્ષલ પંડ્યા

-(NAVIN)

# RAJKOT- PANI PURVATHA YOJNA-K.BAVALIYA

જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુવંરજી બાવળિયાએ શનિવારે વીંછિયા તાલુકાના અમરાપરમાં અંદાજે 82 કરોડ રૂપિયાની પાણી પુરવઠા યોજનાનું ખાતમુહૂર્ત કર્યું.

ગોમા ડેમ આધારિત આ યોજનાથી જસદણ અને વિંછિયા ગામો માટે પાણીની સમસ્યા ઉકેલાશે. આ પ્રસંગે સંબોધન કરતાં પાણી પુરવઠા મંત્રીએ જણાવ્યું કે, યોજના અંતર્ગત હિંગોળગઢ, વીંછિયા તાલુકાના ગામો અને પિંગળાધાર સહિતના વિસ્તારોમાં વ્યક્તિદીઠ 70 લીટર પાણીના બદલે 100 લીટર પાણી આપવામાં આવશે. આ પ્રસંગે રાજકોટ ઝોનના આગેવાનો તેમજ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---------

PTC-RAJKOT-JAYDEEP PANDYA, SUNITA, SONAL

# World Space Week

ગુજરાત સાયન્સ સિટી ખાતે વિશ્વ અવકાશ સપ્તાહની ઉજવણીનો પ્રારંભ કરાયો છે.

અમદાવાદમાં આવેલ સાયન્સ સિટીમાં આ ઉજવણી અંતર્ગત પ્લેનેટોરિયમ શો, મોડેલ મેકિંગ એક્ટિવિટી, સ્પેસ ક્વીઝ, સ્પેસ પાથ પઝલ્સ જેવી વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવશે.આ ઉપરાંત 10 ઓક્ટોબર સુધી સ્પેસ ટૉકનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં જુદી જુદી સંસ્થાના નિષ્ણાતો અને વૈજ્ઞાનિકો ગુજરાત સાયન્સ સિટીમાં આવીને વિદ્યાર્થીઓને અવકાશ વિજ્ઞાન વિશે રોચક માહિતી આપશે. વિશ્વ અવકાશ સપ્તાહની ઉજવણી દરમિયાન સમગ્ર ગુજરાતના વિવિધ જિલ્લાઓની શાળાઓના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ભાગ લેશે.

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ 1999માં 4 ઓક્ટોબરથી 10 ઓક્ટોબર દરમિયાન વિશ્વ અંતરિક્ષ સપ્તાહની ઉજવણી કરવાની જાહેરાત કરવામાં આવી હતી. આ વર્ષે વિશ્વ અવકાશ સપ્તાહની થીમ 'સ્પેસ એન્ડ ક્લાયમેટ ચેન્જ' છે.

-----------------------------------

INFO, MITTAL , SONAL

# SWACHHTA HI SEVA-DISTRICT

કચ્છ જિલ્લાના  મીઠી રોહર, ભારાસર સહિતના ગામમાં નદી - નાળામાં સાફ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં જેસીબી મારફતે પુલમાં, નદી - નાળામાં રહેલ ગંદકીની સફાઈ કરવામાં આવી હતી. માંડવી, ભચાઉ, રાપર સહિતના શહેરોમાં વિવિધ સ્થળો પર સફાઈ હાથ ધરી લોકોને સ્વચ્છતા રાખવા માટેનો સંદેશ આપવામાં આવ્યો હતો.

છોટાઉદેપુર જિલ્લામાં જેતપુરપાવી તાલુકાની વાંકી ગામની પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓએ શ્રમદાન કરી શાળામાં સાફ-સફાઈ કરી  હતી.

મહેસાણા જિલ્લાના વડનગર તાલુકાના હાજીપપુર ગામે શૌચાલયની આસપાસ સામુહિક સફાઈ કરાઈ.

-----------------------------------

INFO, PTC-CHOTAUDEPUR, MEHSANA,  SONAL